RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689
TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

● સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર ● તંત્રી : ડો.ઈલેવાન ઠાકર Year- 19 ● Issue - 303 ● SUNDAY 05-04-2026 ● Price : 0.90/-(Paisa), Annual : 280/- ● Page : 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

વાંચો અંદરના પેજ પર



કોંગ્રેસ કાર્યાલયમાં બેઠકોનો ધમધમાટ

વાંચો અંદરના પેજ પર



ભાજપે જેને સસ્પેન્ડ કર્યા તેને કોંગ્રેસે ખેસ પહેરાવ્યો

## દાવો- ઈરાની સેનાએ અમેરિકી હેલિકોપ્ટરને તોડી પાડ્યું

# ફાઈટર જેટ પાઈલટની શોધમાં ઘૂસ્યું હતું; ઈરાને પાઈલટને જીવતો પકડવા પર ઇનામ રાખ્યું

### અમેરિકા પોતાના પાઇલટને બચાવવા માટે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યું હતું, તે દરમિયાન હેલિકોપ્ટરને નિશાન બનાવવામાં આવ્યું

ઈરાને દાવો કર્યો છે કે તેણે એક અમેરિકી ફાઈટર જેટની સાથે એક અમેરિકી હેલિકોપ્ટરને પણ નિશાન બનાવ્યું છે. ઈરાની ન્યૂઝ એજન્સી મેહર અનુસાર, જેટ પાડી દેવાયા બાદ પાઈલટને શોધવા આવેલા અમેરિકી હેલિકોપ્ટર પર મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પહેલા ઈરાને એક અમેરિકી ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. તસ્નીમ ન્યૂઝ એજન્સી અનુસાર, આ F-15E વિમાન હતું, જ્યારે કેટલીક મીડિયા રિપોર્ટ્સમાં તેને F-35 જણાવવામાં આવ્યું છે.

અમેરિકા પોતાના પાઈલટને બચાવવા માટે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યું હતું, તે દરમિયાન હેલિકોપ્ટરને નિશાન બનાવવામાં આવ્યું. ઈરાને અમેરિકી પાયલટને જીવતો પકડવા પર ઈનામ પણ જાહેર કર્યું છે.

જોકે, અમેરિકી અધિકારીઓ દ્વારા પણ હેલિકોપ્ટર પાડી દેવાના દાવાની હજુ સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. ઈરાનમાં અમેરિકી ફાઈટર જેટ પડ્યા બાદ ત્યાંની સરકાર અને સરકારી મીડિયાએ ગુમ થયેલા એક અમેરિકી પાયલટને પકડવા પર ઈનામ આપવાની જાહેરાત કરી છે. ઈરાનના સરકારી મીડિયા IRIB ના એક એન્કરે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ અમેરિકી પાયલટને જીવતો પકડવામાં કાયદા અમલીકરણ એજન્સીઓ અથવા સેનાને મદદ કરે. તદુપરાંત, કોહગીલુયેહ અને બોયર-અહમદ પ્રાંતના ગવર્નરે અમેરિકી પાયલટને પકડીને સોંપવા બદલ 10 અબજ તોમાન (આશરે 70 લાખ રૂપિયા) ના ઈનામની જાહેરાત કરી છે. હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે તેણે ઉત્તરી ઈઝરાયલના સફેડ અને રોશ પિના વિસ્તારમાં અનેક રોકેટ હુમલા કર્યા છે. તેના એક દિવસ પહેલા તેણે ઈઝરાયલી સૈનિકો પર સ્નાઈપર હુમલો કરવાની પણ વાત કહી છે. ઈરાની હુમલાઓને કારણે અબુ ધાબીનો અલ તાવીલાહ એલ્યુમિનિયમ પ્લાન્ટ બંધ કરવો પડ્યો છે. કંપનીનું કહેવું છે કે આ પ્લાન્ટને ઘણું નુકસાન થયું છે અને તેને સંપૂર્ણપણે ઠીક થવામાં 12 મહિના સુધીનો સમય લાગી શકે છે. આ પ્લાન્ટ વિશ્વની એલ્યુમિનિયમ સપ્લાય માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઈરાને કહ્યું છે કે કરજમાં અમેરિકી હુમલાથી ક્ષતિગ્રસ્ત પુલને ફરીથી બનાવવામાં આવશે. આ હુમલામાં 8 લોકોના મોત થયા હતા અને લગભગ 100 લોકો ઘાયલ થયા હતા. સ્થાનિક અધિકારીઓનું કહેવું છે કે આ પુલ સંપૂર્ણપણે નાગરિક ઉપયોગ માટે હતો અને જલ્દી શરૂ થવાનો હતો. આ કોઈ પણ પ્રકારનો સૈન્ય અડ્ડો નહોતો.

આ પુલ આ જ વર્ષે શરૂ થયો હતો અને તેને મિડલ ઈસ્ટનો સૌથી ઊંચો પુલ માનવામાં આવે છે. લગભગ 1050 મીટર લાંબા અને 136 મીટર ઊંચા આ પુલને બનાવવામાં લગભગ 400 મિલિયન ડોલર (લગભગ 3,800 કરોડ) ખર્ચ થયા હતા. ઈરાને કુવૈત, બહેરીન અને જોર્ડનમાં અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર ડ્રોન હુમલા કર્યા છે.



## નેશનલ-ઈન્ટરનેશનલ

### પાકિસ્તાનમાં ભેંસ પાળવા પર ગોબર ટેક્સ લગાવવાની તૈયારી:પંજાબ સરકાર દરેક ભેંસ પર રોજ 30 રૂપિયા વસૂલશે

પાકિસ્તાનના પંજાબ રાજ્યમાં ભેંસ પાળવા પર હવે 'ગોબર ટેક્સ' લગાવવાની તૈયારી થઈ રહી છે. પાકિસ્તાની અખબાર ડેઈલી ટાઈમ્સના રિપોર્ટ અનુસાર મરિયમ નવાઝની સરકાર દરેક ભેંસ પર દરરોજ 30 પાકિસ્તાની રૂપિયા ટેક્સ લેવાનો નિયમ બનાવી શકે છે.

સરકાર આ પગલાને ગ્રીન એનર્જી તરીકે રજૂ કરી રહી છે. આ યોજના 'સુથરા પંજાબ' બાયોગેસ પ્રોગ્રામનો ભાગ હોવાનું કહેવાય છે. આ પ્રોગ્રામ ડિસેમ્બર 2024માં પંજાબ રાજ્યમાં શરૂ કરવામાં આવ્યો હતો. તેનો હેતુ કચરાને સાફ કરવો અને તેમાંથી બાયોગેસ બનાવીને ઊર્જા ઉત્પન્ન કરવાનો છે.

જ્યારે વિરોધ પક્ષોએ આ નિર્ણયની સખત ટીકા કરી છે. તેમનું કહેવું છે કે આ પગલું દર્શાવે છે કે સરકાર આર્થિક દબાણમાં છે અને હવે નવા-નવા રસ્તાઓથી પૈસા એકઠા કરવાનો પ્રયાસ કરી રહી છે.

વિપક્ષે દાવો કર્યો કે 'ગ્રીન એનર્જી'નું નામ માત્ર દેખાડો છે. અસલી કહાણી કંઈક અલગ છે. સરકારનો નિર્ણય પહેલાથી જ મોંઘવારી અને મોંઘા ચારાથી ઝઝૂમી રહેલા લોકો પાસેથી બળજબરીથી પૈસા કઢાવવાનો એક રસ્તો છે.

સરકારે આ ટેક્સ લાગુ કરવા માટે રાજ્યની લગભગ 168 કેટલ કોલોનીઓને ચિહ્નિત કરી છે. આ નવી યોજના હેઠળ લાહોર અને અન્ય મોટા શહેરોમાં પશુપાલકો પાસેથી દરેક પશુ દીઠ દૈનિક શુલ્ક લેવામાં આવશે. સરકારનું કહેવું છે કે આ પૈસાનો ઉપયોગ છાણ એકઠું કરવા, કચરા વ્યવસ્થાપન અને બાયોગેસ પ્લાન્ટ ચલાવવામાં કરવામાં આવશે, જેથી પર્યાવરણને પણ ફાયદો થાય.

### બંગાળમાં કોંગ્રેસ નેતા અધીર રંજન સાથે ધક્કા-મુક્કી:TMCના કાર્યકરોએ તેમને ઘેરી લીધા

• નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના બહેરામપુરના કોંગ્રેસના ઉમેદવાર અધીર રંજન ચૌધરી સાથે ધક્કા-મુક્કી થઈ. તેઓ આજે સવારે બહેરામપુરના વોર્ડ નંબર 19માં પ્રચાર કરી રહ્યા હતા. આ ઘટનાના વીડિયોમાં ટીએમસીના કાર્યકરો શેરીમાં હાજર જોવા મળે છે. જ્યારે અધીર પોતાના સમર્થકો સાથે પહોંચે છે, ત્યારે ટીએમસીના કાર્યકરો ધક્કામુક્કી કરવા લાગે છે. અધીરને પણ ધક્કો મારતા દેખાય છે. કોંગ્રેસનો આરોપ છે કે આ ઘટના વોર્ડના ટીએમસી કાઉન્સિલર ભીષ્મદેવ કર્માકરની હાજરીમાં બની હતી.

### યુદ્ધ વચ્ચે ટ્રમ્પે કરી ટોચના અધિકારીઓની હકાલપટ્ટી:24 કલાકમાં 2 અધિકારીઓને કાઢી મૂક્યા

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાના એટર્ની જનરલ પેમ બોન્ડીને હટાવ્યા બાદ હવે ટ્રમ્પ સરકારમાં કેટલાક વધુ મોટા અધિકારીઓને હટાવવાની આશંકા વધી ગઈ છે. અમેરિકન વેબસાઈટ ધ એટલાન્ટિકના રિપોર્ટ અનુસાર, હવે FBI ચીફ કાશ પટેલ અને નેશનલ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડનો નંબર હોઈ શકે છે.

રક્ષા મંત્રી પીટ હેગસેથે ગુરુવારે આર્મી ચીફ જનરલ રેન્ડી જ્યોર્જને તાત્કાલિક નિવૃત્ત થવાનો આદેશ આપ્યો. વ્હાઈટ હાઉસની યોજના સાથે સંકળાયેલા ઘણા લોકોએ જણાવ્યું કે વધુ અધિકારીઓને હટાવવા અંગે ચર્ચા ચાલી રહી છે. તેમાં આર્મી સેક્રેટરી ડેનિયલ ડ્રિસ્કોલ અને લેબર સેક્રેટરી લોરી ચાવેઝ-ડીરેમરના નામનો પણ સમાવેશ થાય છે.

ટ્રમ્પ તેમના બીજા કાર્યકાળમાં મોટા અધિકારીઓને હટાવવાથી બચતા રહ્યા હતા. તેમને લાગતું હતું કે આવું કરવું ડેમોક્રેટ્સ અને મીડિયા સામે ઝૂકવા જેવું હશે. છેલ્લા કેટલાક મહિનાઓ સુધી એવો આદેશ હતો કે મિડટર્મ ચૂંટણી પહેલા કોઈ કેબિનેટ અધિકારીને હટાવવામાં આવશે નહીં, પરંતુ ઈરાન યુદ્ધ પછી ટ્રમ્પની લોકપ્રિયતા ઘટવાથી સ્થિતિ બદલાઈ ગઈ છે. ઈરાન સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકી સરકારમાં ઝડપથી વહીવટી ફેરફારો થઈ રહ્યા છે. સૌથી પહેલા હોમલેન્ડ સિક્યોરિટી ચીફ ક્રિસ્ટી નોએમને હટાવવાથી તેની શરૂઆત થઈ. તેમને કયા કારણોસર હટાવવામાં આવ્યા તે અંગે સત્તાવાર રીતે કોઈ કારણ જણાવવામાં આવ્યું નથી.

### 5 સેકન્ડમાં 5 વાર ટ્રેન-પ્લેટફોર્મ વચ્ચે ઢસડાયો યુવક:ભોપાલ સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચડતી વખતે અકસ્માત, મૃત્યુ

• ભોપાલ

મધ્યપ્રદેશમાં ભોપાલ રેલવે સ્ટેશન પર 31 માર્ચની રાત્રે થયેલા અકસ્માતમાં ઘાયલ યુવકનું શુક્રવારે સારવાર દરમિયાન મૃત્યુ થયું. હમીદિયા હોસ્પિટલમાં સાંજે લગભગ 5 વાગ્યે તેણે દમ તોડ્યો. મૃતકની ઓળખ સિકંદર તરીકે થઈ છે, જે બિહારનો રહેવાસી હતો. તેની ઉંમર 25 થી 28 વર્ષની વચ્ચે જણાવવામાં આવી રહી છે. અકસ્માતનો 14 સેકન્ડનો સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. આમાં યુવક પ્લેટફોર્મ નંબર 6 પર ચાલતી ટ્રેનમાં ચઢતો જોવા મળે છે. થોડી જ સેકન્ડમાં તે કોચના દરવાજા સાથે અથડાઈને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ જાય છે. માત્ર 5 સેકન્ડની અંદર તે 4-5 વાર ઢસડાય છે અને પછી ટ્રેનની નીચેની તરફ ખેંચાતો જાય છે. ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરતા સંતુલન ગુમાવ્યું જીઆરપીના જણાવ્યા અનુસાર, યુવક ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ દરમિયાન તેનું સંતુલન બગડ્યું અને તે ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયો. અકસ્માત બાદ તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ તે નિવેદન આપવાની સ્થિતિમાં ન હતો. પ્રત્યક્ષદર્શી હલકેભાઈ લોધીએ જણાવ્યું કે અકસ્માત બાદ પ્લેટફોર્મ પર અફરાતફરી મચી ગઈ હતી.

### 5.9ની તીવ્રતાના ભૂકંપથી અફઘાનિસ્તાનમાં 8નાં મોત:દિલ્હી-NCR અને જમ્મુ-કાશ્મીરમાં આંચકા અનુભવાયા, પાકિસ્તાન પણ ધ્રૂજી ગયું

દિલ્હી-NCR, પંજાબ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનનું હિંદુકુશ હતું. અફઘાન-તાજિકિસ્તાન સરહદ પર આવેલા ભૂકંપથી ઓછામાં ઓછા 8 લોકોનાં મોત થયા છે.

અફઘાનિસ્તાનના કાબુલમાં શુક્રવારે મોડી સાંજે ભૂકંપથી 8 લોકોના મોત થયા છે, જ્યારે એક બાળકને ઈજા થઈ છે. 5.9ની તીવ્રતાના આ ભૂકંપના આંચકા પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં પણ અનુભવાયા હતા, જોકે પાકિસ્તાનમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. પાકિસ્તાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપ રાત્રે 9:13 વાગ્યે નોંધાયો હતો. તેનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં હતું અને ઊંડાઈ જમીનથી 190 કિલોમીટર અંદર હતી. ભૂકંપના આંચકા ખૈબર પખ્તુનખ્વા, ઈસ્લામાબાદ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને પંજાબના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા.

આ પહેલા 3 નવેમ્બર 2025ના રોજ અફઘાનિસ્તાનના મઝાર-એ-શરીફમાં 5.9ની તીવ્રતાના ભૂકંપમાં ઓછામાં ઓછા 20 લોકોના મોત થયા હતા. સેંકડો લોકો ઘાયલ થયા હતા. ભૂકંપથી શહેરની ઐતિહાસિક બ્લુ મસ્જિદને પણ નુકસાન પહોંચ્યું હતું. આ મસ્જિદ મઝાર-એ-શરીફનું મુખ્ય ધાર્મિક અને પર્યટન સ્થળ છે.

આપણી પૃથ્વીની સપાટી મુખ્યત્વે 7 મોટી અને ઘણી નાની-નાની ટેક્ટોનિક પ્લેટોથી બનેલી છે. આ પ્લેટો સતત તરતી રહે છે અને ઘણીવાર એકબીજા સાથે અથડાય છે. અથડાવાથી ઘણીવાર પ્લેટોના ખૂણા વળી જાય છે અને વધુ દબાણ આવતા આ પ્લેટો તૂટવા લાગે છે. આવા સમયે નીચેથી નીકળેલી ઊર્જા બહાર નીકળવાનો રસ્તો શોધે છે અને આ ખલેલ પછી ભૂકંપ આવે છે.



સૌથી જીવલેણ ભૂકંપ ચીનમાં 1556 માં આવ્યો હતો, જેમાં 8.30 લાખ લોકોના મોત થયા હતા. તીવ્રતાની દ્રષ્ટિએ અત્યાર સુધીનો સૌથી ખતરનાક ભૂકંપ ચિલીમાં 22 મે 1960 ના રોજ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 9.5 હતી.

### ભારત જતું ઈરાની તેલ ટેન્કર ચીન તરફ વળ્યું:ગુજરાતના વાડીનાર આવી રહ્યું હતું ને દિશા બદલી નાખી, પેમેન્ટના વિવાદની આશંકા

ભારત જતું એક ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કર અચાનક રસ્તો બદલીને ચીન તરફ આગળ વધ્યું. આ ટેન્કર લગભગ સાત વર્ષમાં ભારત પહોંચનાર પ્રથમ ઈરાની ઓઈલ જહાજ હતું અને ગુજરાતના વાડીનાર બંદર તરફ જઈ રહ્યું હતું. તે આશરે 6,00,000 બેરલ ક્રૂડ ઓઈલ લઈ જઈ રહ્યું હતું.

શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર, જહાજ છેલ્લા ત્રણ દિવસથી ભારત તરફ જઈ રહ્યું હતું, પરંતુ ગુજરાત પહોંચતા પહેલા જ તેણે રસ્તો બદલી નાખ્યો અને હવે ચીનના ડોંગયિંગ તરફ જઈ રહ્યું છે.

નિષ્ણાતો માને છે કે પેમેન્ટની સમસ્યાઓ આ પાછળનું કારણ હોઈ શકે છે. કેપ્લરના મુખ્ય રિસર્ચ એનાલિસ્ટ સુમિત રિટોલિયાના જણાવ્યા અનુસાર, સપ્લાયર્સ અગાઉ 30 થી 60 દિવસની ક્રેડિટ ઓફર કરતા



હતા, પરંતુ હવે તેઓ એડવાન્સ અથવા તાત્કાલિક ચુકવણીની માંગ કરી રહ્યા છે. આ કારણે સોદો અટકી ગયો અને ટેન્કરે તેનો રૂટ બદલી નાખ્યો.

જો કે, જહાજનું AIS (ટ્રેકિંગ સિસ્ટમ) ગમે ત્યારે બદલી શકાય છે. જો પેમેન્ટની સમસ્યાઓ ઉકેલાઈ જાય, તો ટેન્કર ભારત પરત ફરી શકે છે. નયારા એનર્જી પાસે વાડીનાર બંદર પર લગભગ 20 મિલિયન ટનની ક્ષમતા ધરાવતી રિફાઈનરી છે, જ્યાં ટેન્કર આવવાની સંભાવના હતી.

નોંધનીય છે કે 2018 સુધી ભારત ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં સસ્તું ઓઈલ ખરીદતું હતું. તે સમયે ભારત દરરોજ આશરે 5,18,000 બેરલ ઈરાની ઓઈલ આયાત કરતું હતું, જે તેની કુલ આયાતના આશરે 11.5% હતું. જોકે, યુએસ પ્રતિબંધો બાદ, ભારતે ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દીધું અને અન્ય દેશો પાસેથી પુરવઠો વધાર્યો.

તાજેતરમાં યુએસએ દરિયામાં ઈરાની ઓઈલ ખરીદવાની મંજૂરી આપતા મર્યાદિત 30 દિવસની મુક્તિ આપી. આ મુક્તિ 19 એપ્રિલ સુધી માન્ય છે.

## પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો

# પેટ્રોલના 450, ડીઝલ 500 રૂપિયે લીટર; ઈરાન યુદ્ધની અસર

• નવી દિલ્હી

પાકિસ્તાનમાં પહેલીવાર ડીઝલ-પેટ્રોલ સૌથી મોંઘું થયું છે. એક લિટર પેટ્રોલ 458 અને ડીઝલ 520 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા)ને પાર પહોંચી ગયું છે. સરકારે પેટ્રોલની કિંમતોમાં 43% અને હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ના ભાવમાં 55%નો વધારો કર્યો છે.

આ નિર્ણય અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલા ઉછાળા બાદ લેવામાં આવ્યો છે. નવા દરો ગુરુવાર મધ્યરાત્રિથી લાગુ થઈ ગયા છે.

વધારા બાદ પાકિસ્તાનમાં હવે પેટ્રોલ 458.41 અને ડીઝલ 520.35 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. કેરોસીનના ભાવ પણ 34.08 રૂપિયા વધારીને 457.80 રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવ્યા છે.

ગયા મહિને પેટ્રોલ-ડીઝલ 55 રૂપિયા મોંઘું થયું હતું. પાકિસ્તાનના 1 રૂપિયાની કિંમત ભારતના 33 પૈસા બરાબર હોય છે. એટલે કે ભારતના 100 રૂપિયાની કિંમત પાકિસ્તાનમાં લગભગ 300 રૂપિયા બરાબર છે. કિંમતોમાં સંતુલન જાળવી રાખવા માટે સરકારે પેટ્રોલિયમ ટેક્સ દરોમાં પણ ફેરફાર કર્યો છે. પેટ્રોલ




પર ટેક્સ 105 રૂપિયાથી વધારીને 160 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. જ્યારે ડીઝલની કિંમતોમાં વધુ ઉછાળો ન આવે તે માટે તેના પરનો ટેક્સ 55 રૂપિયાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યો છે. પાકિસ્તાનના પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે આ નિર્ણયને મુશ્કેલ નિર્ણય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે ગ્લોબલ માર્કેટની સ્થિતિને જોતા આ પગલું ભરવું જરૂરી હતું.

સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય નાણાકીય શિસ્ત જાળવી રાખવાનો અને આર્થિક સ્થિરતા બચાવવાનો છે. મલિકના મતે, સરકાર હવે સબસિડી ફક્ત તે જ વર્ગોને આપશે જેમને તેની સૌથી વધુ જરૂર છે. વડાપ્રધાનના આર્થિક બાબતોના સલાહકાર ખુર્રમ શહેઝાદે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ગયા મહિને પેટ્રોલના વપરાશમાં 8% અને ડીઝલના વપરાશમાં 13% નો વધારો નોંધાયો હતો.

આ વપરાશને નિયંત્રિત કરવા માટે કિંમતોમાં વધારો કરવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે સરકાર છેલ્લા ત્રણ અઠવાડિયાથી આ કિંમતોને રોકવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિઓને જોતા હવે તે શક્ય નથી રહ્યું.

# 34 હજાર કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધ્યા; સહેજ પણ ચૂકથી ચંદ્ર સાથે અથડાઈ શકે છે યાન

### પૃથ્વીની કક્ષા છોડીને ચંદ્ર તરફ નીકળ્યા અવકાશયાત્રીઓ

• વોશિંગ્ટન

આર્ટેમિસ-2 મિશન હવે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. લોન્ચના એક દિવસ પછી શુક્રવારે સવારે 5:19 વાગ્યે ઓરિયન કેપ્સ્યુલે થ્રસ્ટર્સ ફાયર કર્યા અને પૃથ્વીની કક્ષા છોડી દીધી. હવે તે આગામી 4 દિવસ અવકાશમાં મુસાફરી કરશે અને ત્યાં પહોંચશે, જ્યાં આજ સુધી ફક્ત 24 મનુષ્યો પહોંચી શક્યા છે.

પૃથ્વીની ભ્રમણકક્ષા છોડીને ચંદ્ર તરફ જવા માટે એન્જિન ફાયર કરવાની આ પ્રક્રિયાને 'ટ્રાન્સલુનર ઈન્જેક્શન બર્ન' કહેવાય છે. આ લગભગ 6 મિનિટનું મેન્યુવર હતું, જેણે યાનની ગતિ વધારીને 22,000 માઈલ પ્રતિ કલાક એટલે કે લગભગ 34 હજાર કિમી/કલાક કરી દીધી.

આર્ટેમિસ-2 હવે 'ફ્રી-રિટર્ન ટ્રેજેક્ટરી' પર છે. એટલે કે, યાન હવે ન્યૂટનના ગતિના પહેલા નિયમ- જે વસ્તુ ગતિમાં છે, તે ગતિમાં જ રહેશે- ના ભરોસે આગળ વધી રહ્યું છે. આખી મુસાફરી દરમિયાન એન્જિન ફક્ત નાના-મોટા સુધારા માટે જ ફાયર કરવામાં આવશે. આ ભાગ અત્યંત સંવેદનશીલ છે. રસ્તામાં સહેજ પણ ચૂક યાનને ચંદ્ર સાથે ટકરાવી શકે છે અથવા તેને અનંત અવકાશમાં ભટકાવી શકે છે.

મિશનની સ્થિતિ: આર્ટેમિસ ડેવલપમેન્ટ હેડ ડો. લોરી ગ્લેઝે જણાવ્યું કે અવકાશયાત્રીઓ સંપૂર્ણપણે સ્વસ્થ છે અને સ્પેસક્રાફ્ટ અપેક્ષા મુજબ ઉત્તમ પ્રદર્શન કરી રહ્યું છે.

શીખવાની તક: ગ્લેઝે ભારપૂર્વક જણાવ્યું કે આ એક ટેસ્ટ ફ્લાઈટ છે, તેથી ટીમ સ્પેસક્રાફ્ટ વિશે વધુને વધુ માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

પરિવાર સાથે વાતચીત: અવકાશયાત્રીઓએ હજુ સુધી તેમના પરિવાર સાથે સીધી વાત કરી નથી, પરંતુ નાસા ટૂંક સમયમાં આ માટે સમય કાઢશે.

સ્પેસ પ્લમ્બર: ક્રિસ્ટિના કોચે પોતાને 'સ્પેસ પ્લમ્બર' ગણાવ્યા છે. તેઓ ઓરિયન કેપ્સ્યુલના ટોઈલેટમાં આવી રહેલી



શરૂઆતની મુશ્કેલીઓને ઠીક કરવામાં વ્યસ્ત રહ્યા છે.

ઊંઘનો અનુભવ: કમાન્ડર રીડ વાઈસમેને અવકાશમાં ઊંઘવાને મનોરંજક ગણાવ્યું. તેમણે મજાકમાં કહ્યું કે ક્રિસ્ટિના 'ચામાચીડિયાની જેમ લટકીને' સૂવે છે.

અદ્ભુત નજારો: અવકાશમાંથી આખી પૃથ્વીને જોવાની ક્ષણને વાઈસમેને યાદગાર ગણાવી. તેમણે કહ્યું કે તે ભવ્ય નજારાને ચારેય અવકાશયાત્રીઓ જોતા જ રહી ગયા.

CSA અવકાશયાત્રી જેરેમી હેન્સન અને નાસાના અવકાશયાત્રીઓ રીડ વાઈઝમેન, ક્રિસ્ટીના કોચ અને વિક્ટર ગ્લોવર ઓરિયન સ્પેસક્રાફ્ટ સાથે વાતચીત કરી.

5 એપ્રિલના મિશનના પાંચમા દિવસ સુધી પૃથ્વીના ગુરુત્વાકર્ષણના ખેંચાણને કારણે કેપ્સ્યુલની ગતિ ધીમી પડી જશે. જેમ જ તે ચંદ્રના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં દાખલ થશે, તેની ગતિ ફરીથી વધવા લાગશે અને તે ચંદ્ર તરફ ઝડપથી આગળ વધવા લાગશે.

## તંત્રીની કલમે

# રાતોરાત નોકરી આંચકી લેતો લે ઓફ નામનો વાયરસ અમેરિકાની ઉપજ છે

એક તરફ હાર્મુઝની ખાડીએ ભારતના અર્થતંત્રને ગૂંગળાવાનું શરૂ કર્યું છે તો બીજી તરફ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ લોકોની હરીભરી નોકરી આંચકી રહ્યું છે. તગડી કમાણી કરતી કંપનીઓ પોતાના હજારોના સ્ટાફને રાતોરાત રવાના કરી દે ત્યારે આશ્ચર્ય થાય છે. આ કંપનીઓ સેમીકન્ડક્ટર, એઆઈ, ડેટા સેન્ટર જેવા નવા પ્રોજેક્ટ્સમાં લખખૂટ રોકાણ કરે છે અને તેના ખર્ચને સરભર કરવા સ્ટાફની છટણી કરવા લાગે છે.

લે-ઓફનો ટ્રેન્ડ દુનિયાભરના પ્રોફેશનલ્સને થથરાવી રહ્યો છે. ભારતની મોટી અને નામાંકિત કંપનીઓમાં હજુ લે ઓફનો વાયરસ પ્રવેશ્યો નથી તે રાહતની વાત છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં જોબ કરતા પ્રોફેશનલ્સને સામાન્યપણે અન્ય ક્ષેત્રો કરતાં વધુ પગાર અને સવલતો મળતી હોય છે. વિદેશની કંપનીઓમાં કામ કરતા લોકો પોતાને ભાગ્યશાળી સમજતા હોય છે, પરંતુ ૩૦ માર્ચે ઓરેકલ કંપનીએ ૩૦,૦૦૦ લોકોની નોકરી છીનવીને નવેસરથી તરંગો સર્જી નાખ્યા. આમાંથી ૧૨,૦૦૦ પ્રોફેશનલ્સ ભારતના છે. અચાનક જોબ જતી રહે ત્યારે વ્યક્તિ મૂઢ બની જતો હોય છે. કાર્યક્ષમતાનો અભાવ કે અન્ય કોઈ આક્ષેપ હેઠળ જોબ પરથી કાઢી મુકવામાં આવે તે કદાચ હજુય સહ્ય બની શકે છે, પરંતુ વહેલી સવારે ઈમેલ પર કહી દેવાય કે તમને પાણીચું અપાયું છે માણસ સ્તબ્ધ થઈ જાય છે. જો એમને એક મહિનાની નોટીસ અપાઈ હોત તો તેઓ અન્ય કંપનીમાં જોબ મેળવવાનો પ્રયાસ કરી શકત. સારા પગારવાળી જોબ મળતાં યુવાનો નવો ફલેટ, નવી કાર કે અન્ય વૈભવી ચીજો હપ્તે લઈને વસાવે છે. એમના ઈએમઆઈના હપ્તો સીધા જ એમના સેલરી અકાઉન્ટમાંથી કપાતા હોય છે. વિદેશની જેમ ભારતમાં પણ શહેરી પતિ-પત્ની બંને જોબ કરીને આર્થિક પ્લાનિંગ કરતા હોય છે.

જેમનો પગાર પગાર, માની લો કે, ૮૦,૦૦૦ રૂપિયા હોય તો એનું માસિક બજેટ તે પ્રમાણેનું હોય છે, એની લાઈફસ્ટાઈલ તે પ્રમાણે સેટ થયેલી હોય છે. આ માણસને એકાએક પગાર મળતો બંધ થાય તો એની કેવી કફોડી હાલત થાય. બેંગલુરૂમાં આઈટી સેક્ટરમાં કામ કરતા એક યુવા યુગલે સંભવતઃ લે-ઓફના કારણસર ડિપ્રેશનમાં આવીને જીવન ટૂંકાવ્યું છે. ૨૦૧૯ પછી પહેલીવાર અમેરિકાની કંપનીઓ લે ઓફની તલવાર વીંઝી હતી. જાન્યુઆરી ૨૦૨૬ની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧,૦૮,૪૩૫ લોકોની જોબ આંચકી લીધી હતી. વિદેશની કંપનીઓ ખાસ કરીને એમેરિકન કંપનીઓ પોતાને ત્યાં સ્ટાફને એટ-વીલ(છા-ઉન) સિસ્ટમ હેઠળ રાખે છે, જેમાં કંપની સ્ટાફને ગમે ત્યારે ના પાડી શકે છે, એમ સ્ટાફ પણ ગમે ત્યારે જોબ છોડી શકે છે. તેને સીવીરન્સ એગ્રીમેન્ટ પણ કહે છે. આ એગ્રીમેન્ટ પર સહી કરી દો એટલે અણધારી હકાલપટ્ટી સામે કાયદેસરના પગલાં ભરી ન શકાય.

સ્ટાફને સાગમટે કાઢી મુકવાના વાઈરસ અમેરિકાથી શરૂ થયા છે. ભારતની કંપનીઓ પોતાના સ્ટાફને અચાનક કાઢી મૂકતાં પહેલાં તેમના ભવિષ્યનો થોડોઘણો વિચાર તો કરે છે. ભારતની અનેક કંપનીઓ મહત્ત્વના સ્ટાફને પરિવારના સભ્યોની જેમ સાચવતી હોય છે. ઈન્ફોસિસના ફાઉન્ડર નારાયણ મૂર્તિએ એકવાર કહ્યું હતું કે અમારી સફળતાનું કારણ અમારો સ્ટાફ છે. જોકે ઈન્ફોસિસ પણ તેના સ્ટાફને અનેક વાર રાતોરાત રવાના કરી ચૂકી છે. મોટી કંપનીઓ કોસ્ટ-કટિંગ માટે પગલાં ભરવાનું વિચારે છે ત્યારે પહેલી કાતર સ્ટાફની સંખ્યા પર ફેરવે છે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસમાં ૫,૯૩,૯૧૪ માણસોનો સ્ટાફ છે, ઈન્ફોસિસમાં ૩,૧૭, ૨૪૦નો સ્ટાફ છે, એસેન્ચરમાં ૩,૦૦,૦૦૦, રીલાયન્સ રીટેલમાં ૨, ૪૫,૫૮૧, મુકેશ અંબાણીની રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૩,૪૭, ૩૬૨ અને અદાણી ગુરૂપમાં અંદાજે ૪૫,૦૦૦ જેટલો સ્ટાફ છે. ભારતની કંપનીઓના સ્ટાફની સંખ્યા ખાસ નોંધવી જોઈએ, કેમ કે તેમણે હજુ સુધી ઓરેકલ કે એમેઝોનની જેમ હજારોના સ્ટાફને સાગમટે પાણીચું નથી આપ્યું. ગુજરાતની કેટલીક કંપનીઓ તો નિવૃત્ત કર્મચારીઓને પણ જોબ પર ચાલુ રાખે છે.

ઈલેવાન ઠાકર

# સ્થાનિક સ્વરાજ ચૂંટણી માટે કોંગ્રેસની તૈયારીમાં તેજી યુવાનોને પ્રાધાન્ય, ગુનાહીત ઈતિહાસ ધરાવતાંને ટિકિટ નહીં

## જિલ્લા પ્રમુખો, તાલુકા પ્રમુખો અને પ્રભારીઓ સાથે બેઠક કરીને દરેક સીટ માટે છણાવટ કરી ચર્ચા કરવામાં આવી છે







• અમદાવાદ, તા. 4

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું છે કે સ્થાનિક સ્વરાજની આગામી ચૂંટણી માટે પાર્ટીએ તૈયારી શરૂ કરી છે, જેમાં યુવા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે અને ગુનાહીત ઈતિહાસ ધરાવતાંને ટિકિટ આપવામાં નહીં આવે.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદમાં શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ચૂંટણી સંકલન સમિતિની બેઠક મળી હતી, જેમાં તમામ મહત્વના મુદ્દાઓ પર ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને, યુવાનોને વધુ તક આપવા અને ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા ઉમેદવારોને ટિકિટ ન આપવાનો નિર્ણય લેવાયો છે.

શ્રી ચાવડાએ વધુમાં જણાવ્યું કે સ્થાનિક સ્તરે જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. સમગ્ર ગુજરાતના તાલુકા, જિલ્લા અને શહેરોમાં પ્રદેશના નિરીક્ષકની ઉપસ્થિતિમાં ઉમેદવારોને સાંભળવામાં આવ્યા છે. જિલ્લા પ્રમુખો, તાલુકા પ્રમુખો અને પ્રભારીઓ સાથે બેઠક કરીને દરેક સીટ માટે છણાવટ કરી ચર્ચા કરવામાં આવી છે.

મહાનગરપાલિકાઓ માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. હાલમાં નવ મહાનગરપાલિકાઓની ઉમેદવારોની પેનલ અને આખરી યાદીઓ મળી આવી છે. આ તમામ પેનલો પર વિસ્તૃત ચર્ચા અને સઘન ચકાસણી કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આવતીકાલે, એટલે કે 5 એપ્રિલ, 2026ના રોજ પ્રથમ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

આગામી ચાર દિવસ, એટલે કે 4, 5, 6 અને 7 એપ્રિલ દરમિયાન તબક્કાવાર રીતે ગુજરાતના તમામ જિલ્લાઓના પ્રતિનિધિઓ અને આગેવાનોની રજૂઆત સાંભળવામાં આવશે. જિલ્લાઓ દ્વારા મોકલવામાં આવેલી ઉમેદવારોની પેનલો પર ચર્ચા કરીને, યોગ્ય ચકાસણી બાદ ઉમેદવારોની યાદીને આખરી સ્વરૂપ આપવામાં આવશે.

પત્રકાર પરિષદ દરમિયાન શ્રી અમિતભાઈ ચાવડાના હસ્તે કઠલાલના પૂર્વ APMC ચેરમેન હસમુખભાઈ ગુલાબસિંહ પરમાર, ઈન્દ્રવદનભાઈ પરમાર (ચેરમેન, દૂધ મંડળી), રમેશભાઈ બુધાભાઈ પરમાર (પૂર્વ ચેરમેન, દૂધ મંડળી), મનુભાઈ બાબુભાઈ સોલંકી (સમાજ અગ્રણી) સહિત રાજ્યના 100 થી વધુ વિવિધ સહકારી ક્ષેત્રનાં સામાજિક તથા રાજકીય આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા.

શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે, 'સ્થાનિક ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીમાં પારદર્શકતા અને યુવાનોને વધુ તક આપવાનો અમારો મુખ્ય ઉદ્દેશ છે.' કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં વિસ્તૃત ચર્ચા, ચકાસણી અને રજૂઆતને મહત્વ આપવામાં આવી રહ્યું છે.

આ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવશે અને આગામી ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટી સંપૂર્ણ રીતે તૈયાર રહેશે.

આગામી ચાર દિવસ, એટલે કે 4, 5, 6 અને 7 એપ્રિલ દરમિયાન તબક્કાવાર રીતે ગુજરાતના તમામ જિલ્લાઓના પ્રતિનિધિઓ અને આગેવાનોની રજૂઆત સાંભળવામાં આવશે. જિલ્લાઓ દ્વારા મોકલવામાં આવેલી ઉમેદવારોની પેનલો પર ચર્ચા કરીને, યોગ્ય ચકાસણી બાદ ઉમેદવારોની યાદીને આખરી સ્વરૂપ આપવામાં આવશે.

પત્રકાર પરિષદ દરમિયાન શ્રી અમિતભાઈ ચાવડાના હસ્તે કઠલાલના પૂર્વ APMC ચેરમેન હસમુખભાઈ ગુલાબસિંહ પરમાર, ઈન્દ્રવદનભાઈ પરમાર (ચેરમેન, દૂધ મંડળી), રમેશભાઈ બુધાભાઈ પરમાર (પૂર્વ ચેરમેન, દૂધ મંડળી), મનુભાઈ બાબુભાઈ સોલંકી (સમાજ અગ્રણી) સહિત રાજ્યના 100 થી વધુ વિવિધ સહકારી ક્ષેત્રનાં સામાજિક તથા રાજકીય આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા.

શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે, 'સ્થાનિક ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીમાં પારદર્શકતા અને યુવાનોને વધુ તક આપવાનો અમારો મુખ્ય ઉદ્દેશ છે.' કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં વિસ્તૃત ચર્ચા, ચકાસણી અને રજૂઆતને મહત્વ આપવામાં આવી રહ્યું છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉમરેઠ વિધાનસભા પેટાચુંટણીના ભાજપાના ઉમેદવાર હર્ષદભાઈ પરમારે ઉમેદવારીપત્રક ભર્યું

• પ્રશાંત વાળા

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉમરેઠ વિધાનસભા પેટાચુંટણી માટેના ભાજપાના ઉમેદવાર શ્રી હર્ષદભાઈ પરમારના ઉમેદવારીપત્રક ભર્યું હતું. આ પૂર્વે વિશાળ જાહેરસભા યોજાઈ હતી જેને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંબોધી હતી. જાહેરસભા બાદ કાર્યકર્તાઓના વિશાળ જનસમૂહ સાથે ભવ્ય રેલી યોજાઈ હતી જે દરમિયાન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. ત્યારબાદ શ્રી હર્ષદભાઈ પરમારે નામાંકન નોંધાવ્યું હતું.



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જાહેરસભામાં તેમના સંબોધનમાં ઉમરેઠના પૂર્વ ધારાસભ્ય સ્વ. શ્રી ગોવિંદભાઈ પરમારને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, તેમની અણધારી વિદાયથી મોટી ખોટ પડી છે, પરંતુ તેમના આત્મીય સ્વભાવ, વિનમ્રતા અને લોકસેવાની લાંબી રાજકીય કારકિર્દીને માત્ર આ વિસ્તાર જ નહીં પણ સમગ્ર ગુજરાત હંમેશા યાદ રાખશે. સ્વ. ગોવિંદભાઈએ જન-જન સુધી પહોંચીને જે સેવાનું કાર્ય કર્યું છે, તેને આગળ ધપાવવા માટે ભાજપે હર્ષદભાઈ પરમાર પર પસંદગીનો કળશ ઢોળીને જનસેવાની જવાબદારી સોંપી છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટીના અતૂટ જનવિશ્વાસનો ઉલ્લેખ કરતા ભારપૂર્વક જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિ થકી લોકોના વિશ્વાસને પરિપૂર્ણ કર્યો છે. આજે જ્યારે વૈશ્વિક સ્તરે યુદ્ધના લીધે ઊભી થયેલી અસ્થિરતાને કારણે મોટા દેશોમાં પણ લોકોમાં ઉચાટ જોવા મળે છે, ત્યારે ભારતમાં પ્રવર્તતી શાંતિ અને સ્થિરતાના મૂળમાં વડાપ્રધાનશ્રીનું મજબૂત અને વિશ્વાસપાત્ર નેતૃત્વ રહેલું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા છેવાડાના અને નાનામાં નાના માણસની ચિંતા કરીને વિકાસની નવી પરિભાષા અંકિત કરી છે. ભાજપા પ્રત્યે જનતાનો વિશ્વાસ દિવસેને દિવસે મજબૂત બનતો જાય છે, જેનો આધાર દેશના લોકપ્રિય નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ અને દુરંદેશી નેતૃત્વ છે.

શ્રી પટેલે ઉમરેઠની જનતાને કહ્યું હતું કે, સ્વ. ગોવિંદભાઈએ ઉમરેઠ વિધાનસભા વિસ્તારમાં જે વિકાસના કાર્યો શરૂ કરાવ્યા છે અને જે કાર્યો આયોજન હેઠળ છે, તે તમામ કામોને રાજ્ય સરકાર પ્રાથમિકતા આપી પૂર્ણ કરશે અને ઉમરેઠના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેશે. તેમણે સૌ નાગરિકોને લોકશાહીના આ પર્વમાં મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન કરવા અને ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી બનાવી વિકાસની આ યાત્રાને વધુ વેગવંતી બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી રમણભાઈ સોલંકી, શ્રી સંજયસિંહ મહિડા, શ્રી કમલેશભાઈ પટેલ, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી ચિરાગભાઈ પટેલ, વિધાનસભાના પ્રભારી પૂર્વ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, ઈન્ચાર્જશ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા પ્રમુખશ્રી સંજયભાઈ પટેલ સહિત ભાજપા આગેવાનો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ તેમજ વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# NEP 2020 અંતર્ગત એમ.કોમ. અભ્યાસક્રમ અને માળખા અંગે એકદિવસીય વર્કશોપનું આયોજન થયું

Gujarat University સ્કૂલ ઓફ કોમર્સ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અનુસાર એમ.કોમ. અભ્યાસક્રમ અને માળખા અંગે એકદિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું આયોજન ડૉ. આશિષ જનકરાય દવે, ડીન, ફેકલ્ટી ઓફ કોમર્સ, અને ડૉ. હેમલ પંડ્યા, ડિરેક્ટર, સ્કૂલ ઓફ કોમર્સના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.




આ વર્કશોપમાં ડૉ. એન. ડી. શાહ (ચેરમેન, બોર્ડ ઓફ સ્ટડીઝ), ડૉ. પ્રતીક કંચન, ડૉ. રાજેન્દ્ર રાવલ, અને ડૉ. વિનોદ નાયક સહિત બોર્ડ ઓફ સ્ટડીઝ (BoS) ના અન્ય પ્રતિષ્ઠિત સભ્યોની સક્રિય હાજરી અને મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

વર્કશોપ દરમિયાન NEP 2020 ના માર્ગદર્શિકા અનુસાર તૈયાર કરાયેલ એમ.કોમ. અભ્યાસક્રમના પ્રસ્તાવિત માળખાનું વિસ્તૃત પ્રસ્તુતીકરણ પ્રોફ. ગુરુદત્ત જપ્પી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસ્તુતિમાં અભ્યાસક્રમની રચના, ક્રેડિટ માળખું, બહુવિષયક અભિગમ (Multidisciplinary Approach), OJT (On-the-Job Training) તેમજ સંશોધન અભિગમ જેવા મુખ્ય પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ વર્કશોપમાં Gujarat University સાથે સંકળાયેલા વિવિધ સંલગ્ન કોલેજોના તમામ બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્યો તથા એમ.કોમ. સંયોજકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. ચર્ચાસત્રો દરમિયાન અર્થપૂર્ણ ચર્ચાઓ, સૂચનો અને સહયોગી વિચારવિમર્શ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ સુધારાઓને અનુરૂપ અનુસ્નાતક કોમર્સ શિક્ષણને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું.

કાર્યક્રમના અંતે રચનાત્મક ચર્ચાઓ સાથે આધુનિક અને ગતિશીલ એમ.કોમ. અભ્યાસક્રમ અમલમાં મૂકવાની સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

સ્કૂલ ઓફ કોમર્સ દ્વારા તમામ અધ્યાપકો, બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્યો અને સંયોજકોનો સફળ આયોજન માટે સક્રિય સહભાગિતા અને મૂલ્યવાન સૂચનો બદલ હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# પાટણ તમાકુ સબયાર્ડમાં બીજા વર્ષે હરાજી શરૂ:પ્રથમ દિવસે 2326 ભાવ મળ્યો, ખેડૂતોને વાજબી દામ

• પાટણ

પાટણ ખાતે ગુજરાતના સૌથી મોટા તમાકુ સબયાર્ડમાં બીજા વર્ષની હરાજીનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે તમાકુનો ભાવ 2326 નોંધાયો હતો. પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં પોતાનો માલ વેચવા અહીં આવી રહ્યા છે, જ્યાં તેમને રોકડ નાણાં અને યોગ્ય તોલ સાથે સારા ભાવ મળી રહ્યા છે.

આ સબયાર્ડ 30 વીઘા જમીનમાં ફેલાયેલું છે અને સમગ્ર ગુજરાતમાં તમાકુ માટેનું સૌથી વિશાળ યાર્ડ ગણાય છે. મોટા ખરીદદાર વેપારીઓની હાજરીને કારણે ઉત્તર ગુજરાતના ખેડૂતો અહીં મોટી માત્રામાં તમાકુ લઈને પહોંચી રહ્યા છે. ગત વર્ષે પણ આ માર્કેટયાર્ડમાં ગુજરાતનો સૌથી મોટો તમાકુનો વેપાર નોંધાયો હતો, જેને કારણે આ વર્ષે અન્ય વેપારીઓ





પણ ખરીદી માટે જોડાયા છે. માર્કેટયાર્ડમાં ખેડૂતો માટે પાકા શેડ સહિતની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખેડૂતોને તેમના માલના વ્યાજબી ભાવ મળે, વજનમાં પારદર્શિતા જળવાય અને વેચાણ બાદ તરત જ રોકડ નાણાં ચૂકવાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં તમાકુનો પાક વધુ હોવાથી અને પાટણ ખાતે વેપારી-ખેડૂતો વચ્ચેના સારા સંબંધોને કારણે માલની આવકમાં વધારો થયો છે. APMC ચેરમેન સ્નેહલ પટેલ અને ડિરેક્ટર કે.સી. પટેલે જણાવ્યું હતું કે હાલમાં અંદાજે 45 થી 50 હજાર બોરીની આવક શરૂ થઈ છે અને ખેડૂતોને સંતોષકારક ભાવ મળી રહ્યા છે.

# નજીવી બાબતે માથાકૂટ:સરદારનગરમાં કાર વાળવા જેવી સામાન્ય બાબતે બે શખ્સોએ યુવાન પર હુમલો કરી રૂપિયા 12,800ની ઘડિયાળ લૂંટી

• ભાવનગર

ભાવનગર શહેરના સરદારનગર વિસ્તારમાં મોડી રાત્રે રોડ પર કાર વાળવા જેવી નજીવી બાબતમાં બે હિન્દીભાષી શખ્સોએ એક યુવાન અને તેના ભાઈ સાથે માથાકૂટ કરી, માર મારીને કિંમતી ઘડિયાળની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હોવાની ફરિયાદ ઘોઘા રોડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ બનાવ અંગે ઘોઘા રોડ પોલીસ મથકે થી જાણવા મળતી વિગતો અનુસાર કાળીયાબીડ વિસ્તારમાં રહેતા અને આર.ટી.ઓ. કચેરીમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરતા ભગીરથસિંહ વિક્રમસિંહ ગોહિલ ઉ.વ. 29 ગત રાત્રે સાડા નવેક વાગ્યાના અરસામાં પોતાના ભાઈ અને મિત્ર સાથે મિત્રની ઓરા કાર નંબર DD 01 C 3181 લઈને સરદારનગર પાસેથી પસાર થઈ રહ્યા હતા, તે વેળા એ તેમના પત્નીનો ફોન આવતા કે તેમની તબિયત ખરાબ છે, ભગીરથસિંહે ઉતાવળમાં મેઘાણી ઓડિટોરિયમ પાસેના વળાંકથી કાર પરત વાળી હતી, કાર વાળતી વખતે સામેથી ચાલીને આવતા બે શખ્સો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને 'દેખ કે ચલા, અંધા હૈ ક્યા?' તેમ કહી ગાળો આપવા લાગ્યા




હતા. ભગીરથસિંહ અને તેમના ભાઈ દિપેન્દ્રસિંહ કારમાંથી નીચે ઉતરી ગાળો બોલવાની ના પાડતા, બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ઝપાઝપી શરૂ કરી દીધી હતી, ભોગ બનનાર યુવાને જ્યારે આ શખ્સોને તેમના નામ પૂછ્યા ત્યારે એકે પોતાનું નામ અમિત જયોતિકુમાર રાકેશ અને બીજાએ દિપક જયસ્વાલ હોવાનું જણાવ્યું હતું, આ ઝપાઝપી દરમિયાન અમિત નામના શખ્સે ભગીરથસિંહના હાથમાંથી રૂપિયા 12,800ની કિંમતની ટાઈટન કંપનીની ઘડિયાળ ઝૂંટવી લીધી નાસી છૂટ્યો હતો.

## કોંગ્રેસ કાર્યાલયમાં બેઠકોનો ધમધમાટ

# જંબુસરના પૂર્વ MLAની કોંગ્રેસમાં ઘરવાપસી, કહ્યું- પ્રેમસ્વરૂપ સ્વામીના આદેશથી જોડાઈ રહ્યો છું, રાજકોટમાં 20 ઉમેદવારોને ફોન આવ્યો

### ભાજપની સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં અમદાવાદ મહાનગરપાલિકા માટે બે દિવસની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે

• અમદાવાદ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. 26 એપ્રિલે એક જ તબક્કામાં 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની 10,005 બેઠકોની ચૂંટણી યોજાવાની છે, ત્યારે ભાજપ સહિતના પક્ષોએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ કરી છે.ભાજપની સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં અમદાવાદ મહાનગરપાલિકા માટે બે દિવસની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે.પ્રથમ દિવસે 2 એપ્રિલના રોજ 1200થી વધારે ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી, જ્યારે બીજા દિવસે 3 એપ્રિલના રોજ પણ 1000થી વધારે દાવેદારો દ્વારા દાવેદારી નોંધાવવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકામાં લઘુમતી મતવિસ્તાર ગણાતા એવા જમાલપુર અને મકતમપુરા વોર્ડમાં દાવેદારો ઓછા આવ્યા હતા.કોંગ્રેસમાં ઉમેદવારો પસંદ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.જે બેઠકો પર વિવાદ કે મડાગાંઠ છે તેવી બેઠકો પર પેનલ તૈયાર થઈ શકી નથી. આવી વિવાદાસ્પદ બેઠકો માટે આજે (4 એપ્રિલ) પ્રદેશ કક્ષાએ નિરીક્ષકોની હાજરીમાં બેઠકોનો દોર હાથ ધરાશે. આ બેઠકોમાં જે બેઠક પર એક સરખા સમીકરણો ધરાવતા



મજબૂત દાવેદારો વચ્ચે સ્પર્ધા છે, તેવી બેઠકો પર નિર્ણય લેવાશે. શનિવારે હાથ ધરાનારી બેઠકોમાં સૌ પ્રથમ મહાનગર પાલિકાની કામગીરી હાથ ધરવામાં આવશે અને 5 એપ્રિલે ઉમેદવારો જાહેર કરાશે.રાજકોટમાં કોંગ્રેસે જૂના જોગીઓને મેદાને ઉતારવાનો નિર્ણય લીધો છે. જેમાં 20 જેટલા ઉમેદવારોને ટેલિફોનિક જાણ કરાઈ છે.ઉમેદવાર પસંદગી પહેલા રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ સંકલન સમિતિની બેઠક મળી છે.અમિત ચાવડા, તુષાર ચૌધરી, શૈલેષ પરમાર સહિતના નેતાઓ બેઠક કરી રહ્યા છે. તમામ ઝોનના સહપ્રભારીઓ પણ બેઠકમાં ઉપસ્થિત છે. આજે બપોર બાદ તમામ જિલ્લાના કોંગ્રેસ પ્રમુખો સાથે પણ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા બેઠક કરવાના છે.જે બાદ ત્રણ તબક્કામાં કોંગ્રેસ ઉમેદવારો જાહેર થવાના છે. પ્રથમ તબક્કામાં નિર્વિવાદિત બેઠકોના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. સર્વ સંમતિ સધાઈ હોય એવા ઉમેદવારો પ્રથમ યાદીમાં જોવા મળશે. આવતીકાલે પ્રથમ યાદી જાહેર થાય તેવી શક્યતા છે. ચૂંટણી પૂર્વે એકપણ બેઠક ભાજપ બિનહરીફ ના જીતે તે તાકીદ રાખવા માટે બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે.રાજીવ ગાંધી ભવન ખાતે AICCના નવા બે સહ પ્રભારીની હાજરીમાં બેઠક યોજાઈ છે. બી.વી. શ્રીનિવાસ અને દેવેન્દ્ર યાદવ રાજીવ ગાંધી ભવનમાં બેઠક કરી રહ્યા છે. બેઠકમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષ નેતા તુષાર ચૌધરી, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, ધારાસભ્ય શૈલેષ પરમાર સહિત પ્રદેશ કાર્યકારણી સાથે બેઠક થઈ રહી છે. અમદાવાદ શહેરના કોંગ્રેસના નેતાઓ પણ બેઠકમાં હાજર છે. જેથી તેમની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ક્યાં ઉમેદવારને ટિકિટ આપવી તેને લઈને ચર્ચા કરવામાં આવી રહી છે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતા જ ગુજરાત કોંગ્રેસમાં ઘર વાપસીનો દોર યથાવત જોવા મળી રહ્યો છે.જંબુસરના પૂર્વ ધારાસભ્ય કિરણ મકવાણાની કોંગ્રેસમાં ઘરવાપસી થઈ છે. કિરણ મકવાણા 2007થી 2012 જંબુસર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય હતા. રાજીવ ગાંધી ભવન પર પહોંચતા જ કિરણ મકવાણાએ જણાવ્યું હતું કે, મારા ગુરુની આજ્ઞાથી હું ભાજપમાં જોડાયો હતો. ગુરુજીની આજ્ઞાથી 2017માં ભાજપમાં જોડાયો હતો. વચનો પૂર્ણ ના થતા અને સતત અવગણનાના કારણે ભાજપ છોડ્યું છે. પૂર્વ ધારાસભ્ય તરીકે ભાજપમાં સતત અવગણના થતી હતી. સોખડાના હરિપ્રસાદ સ્વામીજીની સૂચનાથી હું ભાજપમાં જોડાયો હતો. પ્રેમસ્વરૂપ સ્વામીના આદેશથી હવે કોંગ્રેસમાં જોડાઈ રહ્યો છું. સ્થાનિક કક્ષાએ મારી સાથે ચાર હજાર લોકો કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસ જે જવાબદારી આપશે તે નિભાવીશું. મારા સાથી મિત્રોને ટિકિટ મળે તેવી ઈચ્છા છે.ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પ્રદેશના સેક્રેટરી, વિધાનસભા વિપક્ષ નેતા તુષાર ચૌધરી સહિત કોંગ્રેસના તમામ કાર્યકારી અધ્યક્ષ બેઠકમાં હાજર રહેવાના છે. ક્યાં વિસ્તારમાં ક્યાં ઉમેદવાર વધુ મજબૂત છે તેને લઈને પ્રદેશના નેતાઓ ચર્ચા કરવાના છે.જે બાદ મેનિફેસ્ટો અને ઉમેદવારોના નામ પર આખરી મહોર લગાવવામાં આવશે. કોંગ્રેસના પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ સાથે વિસ્તારની પરિસ્થિતિને લઈને સૂચન માંગવામાં આવ્યા છે. જે બાદ સ્થાનિક સ્તર પર નક્કી થયેલા નામ ઉમેદવાર તરીકે યોગ્ય છે કે નહીં તેને લઈને બેઠકમાં ચર્ચા થશે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને કોંગ્રેસની અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે મહત્વની બેઠક મળવાની છે. મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં શું સ્થિતિ છે તેને લઈને બેઠક યોજાવાની છે. ચૂંટણી સમિતિની 12 વાગ્યે બેઠક મળશે. જેમાં ઉમેદવારોના નામ પર ચર્ચા કરવામાં આવશે. ચૂંટણીના મેનિફેસ્ટો, નીતિ નિયમ અને સ્થાનિક સ્તર પર કોંગ્રેસની શું સ્થિતિ છે તેને લઈને નેતાઓ સાથે બેઠકમાં ચર્ચા થશે.રાજકોટ શહેર ભાજપ દ્વારા પણ આજે ઉમેદવારોના નામ નક્કી કરવા માટે બેઠક યોજવામાં આવશે. જેમાં શહેર પ્રમુખ મહામંત્રી સાથે વોર્ડના પ્રમુખ મહામંત્રી અને પ્રભારીઓની બેઠક મળશે. શહેર સંગઠન દ્વારા દરેક વોર્ડના પ્રમુખ અને પ્રભારીઓને પોતાના વોર્ડમાંથી એક બેઠક માટે ચાર-ચાર નામ એટલે કે કુલ 16 નામોની યાદી મંગાવવામાં આવી છે જે યાદી શહેર સંગઠન ટિમ દ્વારા ચકાસવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાયન્સ સિટી અમદાવાદ આયોજિત

સાયન્સ કાર્નિવલ 2026 નું આયોજન તા 27/28/29/માર્ચ 2026 (ત્રણ દિવસ) સુધી યોજાયું. જેમાં મોરબી જિલ્લાની હળવદની શ્રી ડી વી પરખાણી પે સે શાળા નં 7 હળવદ ની કૃતિ રજૂ કરવામાં આવી. શિક્ષકશ્રી અશોકભાઈ




લખતરીયા દ્વારા નિર્મિત માઈન્ડ એડવેન્ચર પઝલ રજૂ કરવામાં આવ્યા.આ પઝલ દ્વારા બાળકોમાં તાર્કિક શક્તિ નો વિકાસ થાય છે અને વારંવાર પ્રયત્ન કરવાની ધીરજ પ્રાપ્ત થતી જોવા મળે છે, જે ત્યાં અનુભવાતું જોવા મળ્યું..જેમાં વિશેષ સાયન્સ સિટી ના મેનેજર શ્રી વ્રજેશ પરીખ સાહેબ, અન્ય મહાનુભાવો, શિક્ષકો, બાળકો અને અમદાવાદના સ્થાનિક દરેક મુલાકાતીઓમાં આ કૃતિ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું... શ્રેષ્ઠ કૃતિ રજૂ કરી હળવદ તાલુકાનું અને ડી વી પરખાણી શાળાનું ગૌરવ વધાર્યું છે.

### શ્રી મેલકડી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું ચકલી સંરક્ષણ માટે પ્રેરણાદાયિક કાર્ય




• મૂળશંકર ભાવનગર

આજના સમયમાં શહેરીકરણ અને પર્યાવરણમાં થતા બદલાવને કારણે ચકલીઓની સંખ્યા ઘટી રહી છે.આવા સંજોગોમાં ચકલી બચાવો અને પક્ષી બચાવો જેવા અભિયાન ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયા છે શ્રી મેલકડી પ્રાથમિક શાળામાં બાળકો દ્વારા ચકલી માટે ઘર બનાવવું ,તેનું વિતરણ કરવુ, તેમજ પક્ષીઓ માટે અનાજ અને પાણીની યોગ્ય વ્યવસ્થા કરવાના મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવ્યા છે. બાળકોના આ પ્રયાસો માત્ર એક કાર્યક્રમ પૂરતા સીમિત નથી પરંતુ પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને પક્ષીઓ પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરે છે અને આ કામગીરીથી અન્ય વિદ્યાર્થીઓ અને સમાજના લોકોમાં પણ પક્ષીઓ પ્રત્યે લાગણી અને જવાબદારી વિકસે તે માટેના પ્રયત્ન થઈ રહ્યા છે આ બધા પ્રયત્નોને બિરદાવા માટે ચકલી દિવસ નિમિત્તે શ્રી સોરવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ 2026 માં વિશ્વ ચકલી દિવસ ઉજવણીમાં શાળાના બાળકોને અને શિક્ષકોને પ્રમાણપત્ર આપી બિરદાવામાં આવ્યા અને પર્યાવરણ માટે ઉત્તમ કાર્ય કરી રહ્યા છે તેની શુભકામનાઓ આપવામાં આવી.

### પકવાનબ્રિજ હિટ એન્ડ રનના ઈજાગ્રસ્તનું 7 દિવસ બાદ મોત

# કારચાલકે બાઈકને અડફેટે લઈ 50થી 60 મીટર સુધી ઢસડી હતી

• અમદાવાદ

27 માર્ચને શુક્રવારે એસ. જી. હાઈવે પરની હિટ એન્ડ રનમાં ઈજાગ્રસ્ત થયેલા કમલેશ પાનખરિયા (ઉં.વ.47)નું સાત દિવસની સારવાર બાદ 3 એપ્રિલના રોજ મોત નીપજ્યું છે. આ અંગે ટ્રાફિક પોલીસે કારચાલક સામે હિટ એન્ડ રનની કલમનો ઉમેરો કરીને આગળની કાર્યવાહી હાથધરી છે. ઘટના બાદ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને કારચાલકને રોકીને કારના બોનેટમા ફસાયેલુ બાઈક બહાર કાઢયુ હતું. જે બાદ સ્થાનિકોએ તેને ખખડાવ્યો હતો. જે બાદ કારચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ અંગે એસજી હાઈવે ટ્રાફિક પોલીસે કારચાલક સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ ઘટનામાં 47 વર્ષીય બાઈકચાલક કમલેશ પાનખરિયાને માથાના ભાગમાં ગંભીર




ઈજા થતા સાત દિવસથી સારવારમાં હતાં.ગત શુક્રવારે અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા એસ.જી. હાઈવે પર આવેલા પકવાનબ્રિજ ઉપર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. એક લાલ કલરની ફોક્સવેગન કારના ચાલકે બાઈક સવારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો વિચિત્ર હતો કે ટક્કર બાદ બાઈક કારના બોનેટમાં ફસાઈ ગયું હતું, તેમ છતાં કારચાલકે ગાડી ઊભી રાખવાને બદલે ફસાયેલા બાઈક સાથે જ કારને 50થી 60 મીટર સુધી દોડાવી હતી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો હતો.ઘટના બાદ આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને કારચાલકને રોકીને કારના બોનેટમા ફસાયેલુ બાઈક બહાર કાઢયુ હતું. જે બાદ સ્થાનિકોએ તેને ખખડાવ્યો હતો. જે બાદ કારચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ અંગે એસજી હાઈવે ટ્રાફિક પોલીસે કારચાલક સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ ઘટનામાં 47 વર્ષીય બાઈકચાલક કમલેશ પાનખરિયાને માથાના ભાગમાં ગંભીર ઈજા થતા સાત દિવસથી સારવારમાં હતાં.

### આજે પણ કચ્છ અને ઉત્તર ગુજરાતમાં માવઠાની શક્યતા

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યમાં વરસાદી માહોલ, 7 એપ્રિલે પણ વરસાદની શક્યતા

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજ્યમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર આગામી દિવસોમાં પણ જોવા મળશે. ઉત્તર ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર જોવા મળશે. બે સિસ્ટમના કારણે આજે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા વગેરેમાં માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આગામી 7 એપ્રિલના રોજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ફરી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. 7 એપ્રિલના રોજ પણ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે, જેને કારણે કચ્છ-ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગઈકાલે પણ રાજ્યના અનેક વિસ્તારોમાં અચાનક વાતાવરણ માં પલટો આવતા માવઠું થયું હતું. અમદાવાદમાં પણ સમી સાંજે અચાનક જ વાતાવરણમાં પલટો આવતા જોરદાર પવન સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. પૂર્વ વિસ્તારના ઓઢવ, નિકોલ, નરોડા, વિરાટનગર, સિંગરવા, વસ્ત્રાલ, કઠવાડા જેવા વિસ્તારોમાં આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયા હતાં અને ભારે પવન સાથે વરસાદ પણ થયો હતો.

# AIMIM પાર્ટીની જાહેર સભાથી પ્રચારની શરૂઆત:અસદુદ્દીન ઓવૈસી અમદાવાદમાં ખાનપુરમાં જાહેર સભાને સંબોધશે

• અમદાવાદ

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું એલાન થઈ ચૂક્યું છે ત્યારે અમદાવાદમાં રાજકીય પાર્ટીઓ દ્વારા પ્રચાર પ્રસારની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાતમાં લઘુમતી વિસ્તારોમાં પ્રભુત્વ ધરાવનાર AIMIM પાર્ટી દ્વારા જાહેર સભાથી પ્રચાર શરૂ કરવામાં આવશે. ગુજરાતમાં લઘુમતી સમાજમાં પ્રભુત્વ ધરાવનારા પાંચ મહાનગરપાલિકાઓ 10 જેટલી નગરપાલિકાઓ તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં 630 જેટલા ઉમેદવારો ઉભા રાખવામાં આવશે.

આજે 4 એપ્રિલના રોજ અમદાવાદના ખાનપુર વિસ્તારમાં જે.પી ચોક ખાતે AIMIM પાર્ટીના વડા અસદુદ્દીન ઓવૈસી દ્વારા જાહેર સભાને સંબોધવામાં આવશે. સાંજે 7 વાગ્યે યોજનારી જાહેર સભામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેશે.રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની છે. અમદાવાદ મહાનગરપાલિકામાં 48 વોર્ડમાંથી 12 વોર્ડમાં મુસ્લિમ સમાજનું વધુ પ્રભુત્વ હોવાને લઈને અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM દ્વારા 12 વોર્ડમાં 48 જેટલા ઉમેદવાર ઉભા રાખવામાં આવશે. ઓવૈસીની પાર્ટી દ્વારા આજથી પ્રચાર પ્રસાર શરૂ કરી દેવામાં



આવશે. અસદુદ્દીન ઓવૈસી અમદાવાદમાં ગુજરાતના નેતાઓની સાથે મુલાકાત કર્યા બાદ સાંજે 7:00 વાગ્યાની આસપાસ ખાનપુરના જે.પી ચોક ખાતે જાહેર સભાને સંબોધન કરવાના છે.ગત વિધાનસભા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં પણ ખાનપુર ખાતે સભાને તેઓએ સંબોધન કર્યું હતું.

# યુવક પરથી ટ્રેન અડધી મિનિટ સુધી ચાલતી રહી : સુરત રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચડવા જતાં મુસાફર પાટામાં ઘૂસી ગયો

• સુરત

સુરત રેલવે સ્ટેશન પર આજે એક ચમત્કારિક ઘટના બની હતી, જેમાં મોતના મુખમાં ગયેલા એક મુસાફરને નવજીવન મળ્યું છે. ચાલુ ટ્રેને ચડવા જતા મુસાફર ટ્રેન નીચે પટકાતા અડધી મિનિટ સુધી ટ્રેન તેની ઉપરથી ચાલતી રહી હતી. આ હૃદયદ્રાવક દૃશ્યો સ્ટેશન પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે.સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, જ્યારે ટ્રેન નંબર 09628 અજમેર સ્પેશિયલ ફેર એક્સપ્રેસ પ્લેટફોર્મ નંબર 1 પરથી રવાના થઈ રહી હતી, ત્યારે એક મુસાફરે દોડીને ટ્રેન પકડવાનો પ્રયાસ કર્યો હતો. સંતુલન ગુમાવવાને કારણે મુસાફર પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગેપમાં ખાબક્યો હતો. લગભગ અડધી મિનિટ સુધી ટ્રેન ચાલતી રહી હતી, જેના કારણે ત્યાં હાજર મુસાફરોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. પ્લેટફોર્મ પર ફરજ બજાવતી સુરત રેલવે પોલીસની સર્વેલન્સ ટીમે આ ઘટના જોતા જ તાત્કાલિક સ્ફૂર્તિ બતાવી હતી. રેલવે જવાનોએ ત્વરિત ટ્રેન ઉભી રખાવી દીધી હતી અને ટ્રેન નીચે ફસાયેલા યુવકને અત્યંત સાવચેતીપૂર્વક બહાર કાઢ્યો હતો.



યુવકનો આ ચમત્કારિક બચાવ જોઈને પ્લેટફોર્મ પર હાજર લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.ટ્રેન નીચેથી બહાર કાઢવામાં આવ્યા બાદ યુવક અતિશય ગભરાઈ ગયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરા અને તેમની ટીમે યુવકને સાંત્વના આપી તેને શાંત કર્યો હતો. પ્રાથમિક તપાસ બાદ મુસાફર સુરક્ષિત હોવાનું જણાતા તેને તે જ ટ્રેનમાં બેસાડી આગળ રવાના કરવામાં આવ્યો હતો. રેલવે પોલીસની આ બહાદુરીના કારણે આજે એક પરિવારનો માળો વિખેરાતા બચી ગયો છે.

# હિટ એન્ડ રનમાં 18 વર્ષીય યુવકનું મોત:કોબા રોડ પર પૂરપાટ ઝડપે આવતી કારે યુવકને ઉડાવી કાર મૂકી ફરાર; ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી

• ગાંધીનગર

ગાંધીનગરના માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનો નિર્દોષ લોકો માટે કાળ સાબિત થઈ રહ્યા છે. શહેરના કોબા સર્કલથી ગાંધીનગર તરફ આવતા મુખ્ય માર્ગ પર ગત મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પૂરપાટ ઝડપે આવતી ફોરવ્હીલર



ગાડીના ચાલકે રોડ પર ચાલીને જઈ રહેલા 18 વર્ષીય યુવકને અડફેટે લેતા તેનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પેથાપુરના રહેવાસી આદિલભાઈ આરીફભાઈ પરમાર કુડાસણ ખાતે આવેલી ધ મસાલા સિક્રેટ રેસ્ટોરન્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગઈકાલે 3 એપ્રિલની રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યે આદિલભાઈ પોતાની ડ્યુટી પૂરી કરી ઘરે હતા. ત્યારે તેમને હોટલના હેડ સેફ સુખદેવભાઈ ભટ્ટે ફોન કરીને જણાવ્યું હતું કે, હોટલમાં કિચન હેલ્પર તરીકે કામ કરતો 18 વર્ષીય હીમાંગશુ અર્જુનભાઈ શર્મા અકસ્માતને અકસ્માત થયો છે.

### લાંભા વોર્ડમાં ટિકિટ મુદ્દે 'લેટર વોર'

# કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા રાહુલ માટિયાએ ફેક્ટરી માલિકો પાસેથી ઉઘરાણા કર્યાનો આક્ષેપ, ટિકિટ ન આપવા કહ્યું



આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ

ખાનગી

વિષય:- પાર્ટીના કેટલાક લોકો દ્વારા અમારા લાંભા વોર્ડ વિસ્તારમાં હેરાનગતિ થતી હોવાની રજૂઆત

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ આ વિષય ધ્યાનમાં લેશો.



• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગતાની સાથે જ અમદાવાદના લાંભા વોર્ડમાં રાજકીય ગરમાવો આવ્યો છે. આ વોર્ડમાં દાવેદારી કરનાર રાહુલ માટિયા અને પિતા સતીશ માટિયા સામે ગંભીર આક્ષેપો કરતો એક પત્ર સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે, જેના કારણે રાજકીય કાવાદાવા તેજ બન્યા છે.

વાઈરલ થયેલા આ પત્રમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે, રાહુલ માટિયા અને સતીશ માટિયા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેમની ટિકિટ નક્કી છે, એવું કહીને ફેક્ટરી માલિકો પાસે ફંડ માગી રહ્યા છે. રાહુલ માટિયા સામે અગાઉ નારોલ પોલીસે ગેરકાયદે કેમિકલ છોડતા સામે કાર્યવાહી પણ કરી હતી. રાહુલ માટિયાને અગાઉ લાંભા વોર્ડનો ઉપપ્રમુખ બનાવતા પણ વિવાદ સર્જાયો હતો.

આ લેટરમાં લખ્યું છે કે, મણિનગર વિધાનસભાના ધારાસભ્ય અમુલ ભટ્ટ જે અમી કેમિકલ નામની કંપની ધરાવે છે અને લાંભા વિસ્તારમાં દરેક ફેક્ટરીમાં કેમિકલ તેમના પદના હિસાબે સપ્લાય કરે છે, જેને કારણે કેમિકલ ધંધામાં ભાગીદારી ધરાવતા સતિષ માટિયા (ભરવાડ) અને તેમનો દીકરો રાહુલ માટિયા જે ભાજપ લાંભા વોર્ડનો પ્રમુખ છે, તે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પોતાની ટિકિટ નક્કી છે, તેમ કહીને ચૂંટણી માટે ડોનેશન માગી રહ્યા છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવાર રહી હારી ચૂકેલા વિક્રમ ભરવાડ અને રમણ ભરવાડ 2015માં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે, તેમની હેરાનગતિ વધી ગઈ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વિક્રમ ભરવાડ ઉમેદવાર હતા, તે વખતે વિક્રમભાઈની ટિકિટ માટે કર્ણાવતી મહાનગરના મંત્રીઓનું નામ લઈ ડોનેશન માગી રહ્યા હતા. વેપારી એસોસિએશન ખૂબ મોટી રકમ લઈ ગયા હતા અને અત્યારે પણ તેમનું નામ લઈ આગામી ટિકિટ મળવાની છે, જેના નામે ડોનેશન માંગણી કરી રહ્યા છે.

પત્ર લખનારે એવું પણ કહ્યું છે કે, અમે હંમેશા ભારતીય જનતા પાર્ટીના સમર્થક અને વરેલા છીએ. પાર્ટીનું નામ બદનામ ન થાય, જેથી ખાનગીમાં બંનેની હેરાનગતિને કારણે પત્ર લખી રહ્યા છે. આ પત્ર લીધે અમને હેરાનગતિ ન થાય અને તપાસ કરી યોગ્ય પગલા લેવામાં આવે. આ પત્ર સાથે સતિષ માટિયા અને રાહુલ માટિયા વિરુદ્ધ થયેલી કાર્યવાહીના કાગળ પણ જોડાણ સાથે મોકલવામાં આવ્યા છે.

આ મામલે દિવ્ય ભાસ્કરે રાહુલ માટિયા સાથે વાત કરી ત્યારે તેણે જણાવ્યું કે, દાવેદારી કરી છે પરંતુ, કોઈની પાસે ડોનેશન માંગ્યુ નથી. લોકશાહી હોવાથી ફરિયાદ તો જેને કરવી હોય તે કરે.

### ભાજપે જેને સસ્પેન્ડ કર્યા તેને કોંગ્રેસે ખેસ પહેરાવ્યો

# આવાસ કૌભાંડમાં પતિનું નામ ઉછળ્યા બાદ ચર્ચામાં આવેલા વોર્ડ નં.6ના પૂર્વ કોર્પોરેટરે કાર્યકરો સાથે પક્ષપલટો કર્યો

### ભાજપે અમને સસ્પેન્ડ કર્યા ત્યારથી આજ દિવસ સુધી અમને બોલાવ્યા ન હતાં

• રાજકોટ

સ્થાનિક સ્વરાજની ચૂંટણી નજીક આવતાની સાથે જ પક્ષ પલ્ટુની પણ મોસમ શરૂ થઈ ચુકી છે. આ શરૂઆત આ વખતે કોંગ્રેસ નહિ, પરંતુ ભાજપમાંથી થવા પામી છે. ગઈકાલે (3 એપ્રિલ) રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા વોર્ડ નંબર 6માં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ભાજપના સસ્પેન્ડેડ પૂર્વ કોર્પોરેટર દેવુબેન જાદવ, તેમના પતિ મનસુખ જાદવ સહિત કાર્યકર્તાઓને કોંગ્રેસના આગેવાનોએ ખેસ પહેરાવી વિધિવત કોંગ્રેસ પક્ષમાં પ્રવેશ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપે પોતાના બે મહિલા કોર્પોરેટરોને 2024માં સસ્પેન્ડ કર્યા હતાં, જેમાં એક નામ દેવુબેન જાદવ અને બીજું નામ વજીબેન ગોલતર હતું.





દેવુબેન જાદવએ જણાવ્યું હતું કે, મેં છેલ્લા 10 વર્ષથી કોર્પોરેટર તરીકે ભાજપની સેવા કરી છે. મને ખોટી રીતે બદનામ કરી છે અને આ એક સ્ત્રીનું અપમાન જ કહેવાય. 11 તારીખે મારી ટર્મ પુરી થઈ ત્યાં સુધી અમે ભાજપ વિષે કશું કદાચ ખરાબ બોલ્યા નથી અને ગઈકાલે (3 એપ્રિલ) અમે કોંગ્રેસ પક્ષમાં જોડાયા છીએ. આવાસમાં પરિવારના આપેલા આધાર પુરાવા સાચા જ છે. અમે બધા જ્ઞાતિના લોકો સાથે સંકલનમાં રહી કોંગ્રેસમાં જવા નિર્ણય કર્યો અને જનતા અમને જરૂર સ્વીકારશે. મનસુખ જાદવએ જણાવ્યું હતું કે, અમે આજ દિવસ સુધી ભાજપ સાથે જોડાયેલા હતા. છેલ્લા બે દિવસથી કોંગ્રેસમાં જોડાવવા નિર્ણય કર્યો છે. સમાજના લોકો સાથે બેઠક કરી હતી અને બધાને સાથે રાખી કોંગ્રેસમાં જોડાવવા નિર્ણય કર્યો છે. ભાજપમાં તાનાશાહીથી કંટાળી અમે કોંગ્રેસમાં જોડાવવા નિર્ણય કર્યો છે. ભાજપે અમને સસ્પેન્ડ કર્યા ત્યારથી આજ દિવસ સુધી અમને બોલાવ્યા ન હતાં. અમે પ્રજાની સેવા કરીએ છીએ માટે 110% તમામ જ્ઞાતિનો અમને સાથ સહકાર મળશે, કારણ કે અમે બધાને સાથે રાખી આ નિર્ણય કર્યો છે.

વોર્ડ નંબર 6ના કોર્પોરેટર દેવુબેન જાદવના પતિ મનસુખ જાદવ અને વોર્ડ નંબર 5ના મહિલા કોર્પોરેટર વજીબેન ગોલતરના પતિ કવા ગોલતરે પોતાના અન્ય જગ્યાએ ઘરનું ઘર હોવા છતાં સાગરનગર અને મચ્છાનગર સ્લમ વિસ્તારમાં આવાસ મેળવવા પાત્ર લાભાર્થીઓની યાદીમાં નામ લખાવ્યું હતું. 2024માં મુખ્યમંત્રીના હસ્તે યોજાયેલા ડ્રોમાં બન્નેના નામ આવતાં વિવાદ સર્જાયો હતો. આ સમયે દેવુબેન જાદવ કાયદો-નિયમન સમિતિના ચેરમેન હતા.

આ ઉપરાંત કોર્પોરેટર દેવુબેન જાદવના પતિ દ્વારા પૈસાની માંગણી કરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. ત્યારબાદ રાજકોટ શહેર ભાજપ દ્વારા કડક કાર્યવાહી કરતાં વજીબેન ગોલતર અને દેવુબેન જાદવનું ચેરમેન પદેથી રાજીનામું લઈ અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પાલિકામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### કતારગામમાં ગંદકી, ગુંડાગીરી અને ભયનું સામ્રાજ્ય!:ગટરના ઢાંકણા તૂટેલા, વીજળીના બોર્ડ ખુલ્લા, ગાર્ડનમાં ન્યુસન્સ



• સુરત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 26 એપ્રિલેમાં યોજાવાની છે. ત્યારે રાજકીય પક્ષો મતદારોને રીઝવવા મેદાને પડ્યા છે. પરંતુ સુરતના કતારગામ-વેડ વોર્ડ નં. 7 (કતારગામ ગામ, વેડ રોડ, નંદુ ડોશીની વાડી, ધનામોરાની વાડી)ના મતદારોનો મિજાજ કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે.

વોર્ડ 7ના વિસ્તારમાં અનેક જગ્યાએ ગટરના ઢાંકણા અડધા ખુલેલા છે અથવા તૂટેલી હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટના પોલ પર વીજળીના બોર્ડ ખુલ્લા લટકી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, તંત્રને અનેક રજૂઆતો છતાં આ બાબતે કોઈ નક્કર કામગીરી થઈ નથી. ગાર્ડનમાં રાત્રિના સમયે પૂરતી લાઈટો ન હોવાનો ફાયદો ઉઠાવી અસામાજિક તત્વો દારૂની મહેફિલો માણે છે. સ્થળ પરથી દારૂની ખાલી બોટલો અને ગ્લાસો પણ જોવા મળ્યા હતાં. સ્થાનિકોએ રોષ ઠાલવતાં કહ્યું, કોઈ કોર્પોરેટર આવતા જ નથી.

હીરા નગરી સુરતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગવા માંડ્યા છે. ખાસ કરીને કતારગામ વિસ્તાર, જે સુરતના રાજકારણનું એપીસેન્ટર ગણાય છે, ત્યાં અત્યારથી જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીમાં તમામ 120 બેઠકો પર કબજો જમાવવા ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાવાના એંધાણ છે. પરંતુ, આ રાજકીય ખેંચતાણ વચ્ચે કતારગામ વોર્ડ 7ની જનતા અનેક પાયાની સમસ્યાઓથી ઝઝૂમી રહી છે. સ્થાનિક ગીતાબેને જણાવ્યું હતું કે, કમ્પ્લેન કરી હોય તોય કોઈ આવતું નથી અને પ્લસ પાણી તો એકઠામકું આવતું જ નથી, એક ગ્લાસ પાણી જોતું હોય ને તો મોટર ચાલુ કર્યા વગર પાણી આવતું નથી. નીચે ભૂગર્ભ ટાંકામાં એક ગ્લાસ પાણી મોટર ચાલુ કર્યા વગર આવતું નથી. પ્રેશર વગરનું પાણી આવે છે.

સ્થાનિક હિરેન વાઘાણીએ જણાવ્યું હતું કે, એક સમસ્યા એ છે કે, કેટલા ટાઈમથી અમે અહીંયા સ્પીડ બ્રેકરની માંગ કરી છે. અવારનવાર સોસાયટીના સભ્યો ભટકાતા હોય છે, એની જાણ કરેલી છે, છતાં પણ અહીંયા સ્પીડ બ્રેકર બનાવવામાં આવતો નથી. એક ફરિયાદ બીજી કરેલી છે, સામે શાકભાજીવાળાની લાઈનો થાય છે, સવારમાં 7:00 વાગ્યામાં ન્યુસન્સ ફેલાવે છે, એની પણ અરજી કરેલી છે, એનો પણ કોઈ નિકાલ થતો નથી.

હિરેન વાઘાણીએ કહ્યું કે, અહીંયા ગાડીઓનું પાર્કિંગ થઈ રહ્યું છે, એની પાછળ અહીંયા મજૂરો જે રાત્રે સૂવા આવે છે, તે લોકો અહીંયા બગાડ કરે છે, સંડાસ-જાજરૂ બધું અહીંયા જ કરે છે. એની પણ ફરિયાદ કરેલી છે, એનું પણ નિકાલ નથી થતો. સ્થાનિક રાજેશ પટેલે જણાવ્યું હતું કે, આ રસ્તો છે ને એક શેરી પૂરતો છે, મર્યાદિત રસ્તો છે. પણ એમાંથી રાત્રે 9થી 9:30ની આસપાસ દોઢથી બે કલાક સુધી સૌરાષ્ટ્ર ટ્રાવેલિંગની બસો ચાલે છે.

### સેલવાસના એક ગોડાઉનમાં બ્લાસ્ટ, 3નાં મોત

# સ્કૂલથી માત્ર 30 મીટર દૂર થયો ધડાકો; દાદરા નગર હવેલી ફાયર ફાઈટર ઘટના સ્થળ પર





સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીના હૃદય સમાન સેલવાસના ડેમ વિસ્તારની સમીપમાં આવેલ નાઈટ્રોજન ગેસના એક ગોડાઉનમાં મધરાતે પ્રચંડ વિસ્ફોટ થતા સમગ્ર પંથક ધ્રૂજી ઉઠ્યો હતો. આ દુર્ઘટનાએ ઉદ્યોગ જગત અને સ્થાનિકોમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

અત્યંત ચોંકાવનારી વિગત એ છે કે, આ મોતના ગોડાઉન જેવું જોખમી એકમ એક શૈક્ષણિક સંકુલ એટલે કે સ્કૂલથી માત્ર 30 મીટરના અલ્પ અંતરે જ આવેલું હતું. જો આ બ્લાસ્ટ ચાલુ શૈક્ષણિક કલાકો દરમિયાન થયો હોત, તો કેટલી મોટી જાનહાનિ થઈ હોત તેની કલ્પના માત્રથી કંપારી છૂટી જાય તેમ છે.

ગોડાઉનમાં થયેલો વિસ્ફોટ એટલો ભીષણ હતો કે ત્યાં ફરજ બજાવી રહેલા અને શ્રમ કરી રહેલા 3 નિર્દોષ લોકોના લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. આ મૃતાત્માઓના પરિવારોમાં કાળો કલ્પાંત છવાઈ ગયો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ દાદરા અને નગર હવેલીના ફાયર ફાઈટરના જવાનો તાબડતોબ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયરની ટીમે સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવવાની સાથે વધુ જાનહાનિ અટકાવવા માટે સઘન તપાસ અને કામગીરી હાથ ધરી છે.

આ પ્રચંડ બ્લાસ્ટ અને ત્રણ-ત્રણ માનવ જિંદગીઓ હોમાઈ જવાની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે. સ્થાનિક રહીશોમાં આ પ્રકારના જોખમી ગોડાઉનોની મંજૂરી સામે પણ અનેક સવાલો અને રોષ જોવા મળી રહ્યો છે.

### અમદાવાદ મનપાની ચૂંટણીમાં ભાજપના 2200 દાવેદારોઃબીજા દિવસે સૌથી વધુ થલતેજ વોર્ડમાં 70 દાવેદારી, જમાલપુર-મકતમપુરામાં સૌથી ઓછા દાવેદારો

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે ભાજપની સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં અમદાવાદ મહાનગરપાલિકા માટે બે દિવસની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. પ્રથમ દિવસે 2 એપ્રિલના રોજ 1200થી વધારે ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી, જ્યારે બીજા દિવસે 3 એપ્રિલના રોજ પણ 1000થી વધારે દાવેદારો દ્વારા દાવેદારી નોંધાવવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકામાં સૌથી ઓછા લઘુમતી મતવિસ્તાર ગણાતા એવા જમાલપુર અને મકતમપુરા વોર્ડમાં દાવેદારો ઓછા આવ્યા છે. AMTS કમિટીના પૂર્વ ચેરમેન ધરમસિંહ દેસાઈ એ પણ પોતાની દાવેદારી નોંધાવી છે. ધરમશી દેસાઈ અમદાવાદના મેયર પદ માટેના મુખ્ય દાવેદાર ગણવામાં આવે છે. ધરમશી દેસાઈની સાથે તેમના પુત્ર ધનરાજ દેસાઈએ પણ દાવેદારી નોંધાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ભાજપના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ 3 એપ્રિલના રોજ યોજાયેલી સેન્સ પ્રક્રિયામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ બોડકદેવ વોર્ડમાંથી, હિતેશ બારોટે થલતેજ વોર્ડમાંથી પોતાની દાવેદારી નોંધાવી છે. ઘાટલોડિયા વોર્ડમાંથી ભાજપના પૂર્વ કોર્પોરેટર પ્રવીણ પટેલ સહિતના દાવેદારોએ પણ દાવેદારી કરી છે. AMTS કમિટીના પૂર્વ ચેરમેન ધરમસિંહ દેસાઈ એ પણ પોતાની દાવેદારી નોંધાવી છે. ધરમશી દેસાઈ અમદાવાદના મેયર પદ માટેના મુખ્ય દાવેદાર ગણવામાં આવે છે. ધરમશી દેસાઈની સાથે તેમના પુત્ર ધનરાજ દેસાઈએ પણ દાવેદારી નોંધાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

### ઈમિગ્રેશન લોયરે ટોપ યુરોપિયન દેશોમાં વર્ક પરમિટ અપાવવાનું વચન આપ્યું, ફિનિશ રેસીડેન્સ પરમિટ કાર્ડ આવી ગયું હોવાનું કહી રૂપિયા પડાવ્યા

• અમદાવાદ

ફરી એકવાર વિદેશમાં નોકરી અપાવવાના બહાને લાખોની ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. રાણીપ વિસ્તારમાં રહેતા 35 વર્ષીય મિલન બારોટ સાથે 12 લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. વિદેશમાં સેટિંગ હોવાનું અને દર મહિને અનેક લોકોને મોકલતા હોવાનું કહી વિશ્વાસ જીત્યો હતો. ટોપ યુરોપિયન દેશોમાં વર્ક પરમિટ અપાવવાનું વચન આપ્યું હતું.

વિશ્વાસમાં આવીને મિલને ડોક્યુમેન્ટ સાથે બેંકના કોરા ચેક અને 12 લાખ રૂપિયા આપ્યા હતા. તેમ છતાં વિદેશમાં મોકલવામાં ન આવતા ફરિયાદીએ રૂપિયાની માંગણી કરી હતી, પરંતુ રૂપિયા પણ પરત ન આપતા છેતરપિંડી થઈ હોવાનું સામે આવતા ફરિયાદીએ બે લોકો સામે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




રાણીપમાં રહેતા 35 વર્ષીય મિલન બારોટ સાથે લાખોની ઠગાઈ આચરવામાં આવી છે. મિલન બારોટ ધંધો કરે છે અને તેને યુરોપમાં વર્ક પરમિટથી નોકરી કરવા માટેની ઈચ્છા હતી. જેથી તેને તેની સાથે નોકરી કરતા ભાવેશ પટેલ નામના મિત્રને વાત કરી હતી. ભાવેશ પટેલને પણ વિદેશ જવાની ઈચ્છા હોવાથી બંને લોકો સારા એજન્ટની શોધમાં હતા. ત્યારે ભાવેશ પટેલના એક મિત્રએ તેને ઉસ્માનપુરામાં આવેલા નૈમેષ શાહ નામના ઈમિગ્રેશન લોયરનો રેફરન્સ આપ્યો હતો. જે બાદ જુલાઈ 2024માં બંને મિત્ર નૈમેષ શાહની ઓફિસે ગયા હતા. જ્યાં વિદેશમાં વર્ક પરમિટથી વિઝા લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

જે દરમિયાન નૈમેષ શાહે તેની વિદેશમાં સારી ઓળખાણ હોવાની અને દર મહિને 15થી 20 લોકોને વર્ક પરમિટ વિઝા અપાવી સારી કમાણી માટે વિદેશમાં મોકલતા હોવાની લાલચ આપી હતી. યુરોપના ટોપ 5 દેશમાંથી કોઈ એક દેશના વર્ક પરમીટ બીજા અપાવી દેશે અને વીઝા આવી ગયા બાદ 12થી 13 લાખ સુધીનો ચાર્જ લેવાનો નક્કી કરવામાં આવ્યો હતો. જેથી ફરિયાદીએ વિશ્વાસમાં આવીને તમામ અસલ ડોક્યુમેન્ટ જમા કરાવ્યા હતા.

### દહેગામમાં તસ્કરોનો આતંક

# બહિયલમાં તબેલામાંથી 3.85 લાખની 4 ભેંસની ચોરી, પશુપાલક પરિવાર મુશ્કેલીમાં મુકાયો

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં તસ્કરોએ એક પશુપાલક પરિવારના ખેતરમાં આવેલા તબેલામાંથી રાત્રિના અંધકારનો લાભ લઈ અજાણ્યા શખ્સો ચાર ભેંસોની ચોરી કરી નાસી ગયા હોવાની ઘટના સામે આવી છે. આશરે પોણા ચાર લાખ રૂપિયાની કિંમતના પશુઓની ચોરી થતા પશુપાલક પરિવારે દહેગામ પોલીસના દ્વાર ખટખટાવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બહિયલ ગામના ગજેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચૌહાણે દહેગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ગજેન્દ્રસિંહ અને તેમનો પરિવાર પશુપાલન અને ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગામમાં જ બહિયલ-કપડવંજ રોડ પર તેમનું ખેતર આવેલું છે, જ્યાં તેમણે પશુઓ રાખવા માટે તબલો બનાવ્યો છે. ગત 31 માર્ચના રોજ રાત્રિના સમયે ગજેન્દ્રસિંહ અને તેમના પત્ની અમરતબેન પશુઓને ઘાસચારો નાખી ઘરે પરત ફર્યા હતા. બીજા દિવસે એટલે કે 1 એપ્રિલના રોજ સવારે જ્યારે પરિવાર ખેતરે જવા રવાના થયો ત્યારે રસ્તામાં બાજુનાં ખેતરના માલિકે ફોન દ્વારા જાણ કરી હતી કે તબેલાના દરવાજા ખુલ્લા છે. આ સાંભળી ગજેન્દ્રસિંહ તાત્કાલિક તબેલા પર પહોંચ્યા તો ત્યાંનું દૃશ્ય જોઈ તેમના હોશ ઉડી ગયા હતા. તેમના તબેલામાં બાંધેલી કુલ 4 ભેંસ ગાયબ હતી. જે અંગે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તસ્કરોએ તબેલાના લોખંડના ગેટની સાંકળ કાપી અંદર પ્રવેશ કર્યો હતો અને પશુઓને ચોરી ગયા હતા. ચોરી થયેલા પશુઓમાં એક ગાભણ ભેંસ, એક પાડી અને ગજેન્દ્રસિંહના મોટાભાઈ અજીતસિંહની બે ભેંસો મળીને અંદાજે 3,85,000 રૂપિયાની કિંમતના પશુધનની ચોરી થઈ છે.

### શબ્દ ઝબકાર પુસ્તકનું વિમોચન ડૉ.દેવેન્દ્ર શાહના હસ્તે કરવામાં આવ્યું



ભારતીબેન મોદીના 'શબ્દ ઝબકાર' પુસ્તકનું વિમોચન બોની ઓર્થોપેડીક પ્રાઈવેટ લિમિટેડમાં ડૉ. દેવેન્દ્ર શાહના હસ્તે કરવામાં આવ્યું. પ્રવીણભાઈ મોદીના જન્મદિવસ નિમિતે તેમને યાદ કરીને પૂજા કરવામાં આવી અને ડૉ. દેવેન્દ્ર શાહના હસ્તે શબ્દ ઝબકાર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકની જે રકમ આવશે એ બધી રકમ ભારતીબેન મોદી સેવા અર્થે આપવાના છે..સેવા પરમો ધર્મનું ઉદાહરણ તેઓ હંમેશા ચરિતાર્થ કરતા રહે છે.

### 'આજે તો બચી ગયા છો પણ હવે પછી જાનથી મારી નાખીશું' ખેરાલુના ડભોડામાં રસ્તા બાબતે લોહિયાળ જંગ

# બે પક્ષો વચ્ચે ધારિયા ઉછળ્યા; બે મહિલાઓના માથામાં ટાંકા આવ્યા, 8 સામે સામસામી ફરિયાદ

• મહેસાણા

ખેરાલુ તાલુકાના ડભોડા ગામની સીમમાં રસ્તા બાબતે અને સામાન્ય બોલાચાલીમાં પાડોશીઓ વચ્ચે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કરતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. સમજાવવા ગયેલી મહિલાઓ પર ધારિયા અને ગડદાપાટુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ લોહિયાળ ઝઘડામાં એક પક્ષના સુરેખાબેનને કાનના પાછળના ભાગે ધારીયાનો ઘા વાગતા અને બીજા પક્ષના હંસાબેનના માથામાં ધારિયું ઝીંકાતા બંને મહિલાઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

બંનેને સારવાર અર્થે વડનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા બંનેને ટાંકા આવ્યા હતા. હુમલાખોરોએ જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની વિગતો પણ સામે આવી છે. જે અંગે ખેરાલુ પોલીસ મથકે બંને પક્ષો દ્વારા સામસામી ફરિયાદ નોંધાવતા પોલીસે કુલ આઠ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા ગામના સુરેખાબેન વિનુજી ઠાકોર ગઈકાલે સવારે પોતાના ઘરે હાજર હતા. તે સમયે તેમના કુટુંબી નિરમાબેન ઠાકોરના ઘરે પાડોશમાં રહેતા સ્નેહાબેન ઠાકોર ગાળાગાળી કરી રહ્યા હોવાથી સુરેખાબેન ત્યાં સમજાવવા ગયા હતા. આ દરમિયાન સ્નેહાબેન ઉશ્કેરાઈ ગયા હતા અને તેમનું ઉપરાણું લઈને આવેલા ભરતજી ઈશ્વરજી ઠાકોર, અજયજી દશરથજી ઠાકોર (બંને રહે. ડભોડા) અને હંસાબેન ફુલાજી ઠાકોર (રહે. વિસનગર) એ ભેગા મળી સુરેખાબેન તથા નિરમાબેનને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા.

આ મારામારી દરમિયાન ભરતજી ઠાકોરે ઉશ્કેરાઈને ધારિયાના ઉંધા ભાગ વડે સુરેખાબેનને ડાબા કાનના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. બૂમાબૂમ થતા પરિવારના અન્ય સભ્યો દોડી આવતા હુમલાખોરો 'આજે તો બચી ગયા છો પણ હવે પછી જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર અર્થે ખેરાલુ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમને કાનના ભાગે ચાર ટાંકા આવ્યા હતા. આ મામલે સુરેખાબેને ચારેય હુમલાખોરો વિરુદ્ધ ખેરાલુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા ગામની સીમમાં રહેતા સ્નેહાબેન ઠાકોર અને તેમની બહેન ઘરે હાજર હતા, ત્યારે પડોશમાં રહેતા નિરમાબેન શંકરજી ઠાકોર રસ્તા બાબતે ગાળાગાળી કરી રહ્યા હતા.



Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR